પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૦ | ૨૨ ડિસેમ્બર, ૨૦૧૯, રવિવાર; માગશર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બિહાર પણ હિંસાના સકંજામાં : ભારે તોડફોડ

**નાગરિકતા કાયદાના વિરોધમાં આરજેડી દ્વારા બિહાર બંધ દરમ્યાન ઠેર-ઠેર પ્રચંડ વિરોધ-હિંસા : આગચંપી, તોડફોડ : બિહારમાં આરજેડીના કાર્યકરો પશુ સાથે હાઇ-વે પર ઉતરી ચક્કાજામ કર્યો, ટ્રેનો અટવાઇ, ગાડીઓમાં તોડફોડ, અનેક શહેરોમાં પ્રદર્શનો યથાવત, વાહનોની હવા કાઢી, અનેક લોકોની અટકાયત : યૂપીમાં ૧૦,૦૦૦ સામે એફઆઈઆર : ઉત્તરપ્રદેશમાં થયેલી હિંસામાં મૃત્યુઆંક ૧૫ પર પહોંચ્યો : તોફાનીઓ સામે યોગી સરકાર એક્શનમાં : ૬૦૦થી વધુ લોકોની ધરપકડ : સરકારે વસૂલાત શરૂ કરી : લખનઉ સહિત ૨૨ જીલ્લામાં ઇન્ટરનેટ સેવા બંધ**

પટના/લખનઉ,તા.૨૧

સંશોધિત નાગરિકતા કાયદો-સીએએ-ના વિરોધમાં પૂર્વોત્તરના રાજયો, દિલ્હી-કર્ણાટક, ગુજરાત અને યુપી સહિત હવે બિહારમાં તેના ઘેરા પડઘા આજે બિહાર બંધ દરમ્યાન જોવા મળ્યા હતા. બિહારમાં નાગરિકતા કાયદાનો અમલ નહીં કરવાની મુખ્યમંત્રી નીતિશકુમારની જાહેરાત છતાં જેલવાસી નેતા લાલુ યાદવના પક્ષ આરજેડી દ્વારા આજે ૨૧મીએ શનિવારે આપેલા





બંધના એલાન વખતે રાજયભરમાં પટણા સહિત અનેક શહેરોમાં ચક્કાજામ અને રેલ રોકોના કાર્યક્રમોને કારણે રેલ વ્યવહાર અને હાઈ-વે વ્યવહાર ખોરવાયો હતો. કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધ જાહેર કરાયો હોવા છતાં આરજેડીના કેટલાક કાર્યકરોએ હાઈવે પર દૂધાળા પશુઓ સાથે દેખાવો કરતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. વિરોધ દરમ્યાન વાહનોને તોડફોડ, રસ્તાઓ પર અવરોધ માટે ટાયરો સળગાવવા, સુત્રોચ્ચારો કરવાના સંખ્યાબંધ બનાવો ઠેર ઠેર જોવા મળ્યા હતા. આરજેડીના નેતા અને લાલુના પુત્ર તેજસ્વી યાદવ પોતે કાર્યકરોની સાથે સડકો પર ઉતર્યા હતા. અને સીએમ નીતિશકુમારને નિશાન બનાવીને રાજકિય આકરા પ્રહારો કર્યા હતા. પોલીસે કાયદો વ્યવસ્થા જાળવવા ટીયરગેસ અને લાઠીનો ઉપયોગ કર્યો હતો.

તો બીજી તરફ બિહારના પડોશી રાજ્ય યુપીમાં નાગરિકતા

● અનુસંધાન પાના - ૭ પર

## મહારાષ્ટ્ર સરકારે ખેડૂતોના બે લાખ સુધીના દેવા માફ કર્યા

**૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીના દેવા માફ થશે : રાજ્યમાં ભારે વરસાદથી આ વર્ષે ૯૪ લાખ ૫૩ હજાર ૧૩૯ હેક્ટરમાં ઉભા પાકનો નાશ થયો**

નાગપુર,તા.૨૧

મહારાષ્ટ્રમાં ખેડૂતોનું ૨ લાખ રૂપિયા સુધી દેવુ માફ થશે. રાજ્યના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ શનિવારે વિધાનસભામાં આ અંગે જાહેરાત કરી હતી. ઉદ્ધવ મુખ્યમંત્રી બન્યા બાદ સરકારે ખેડૂતોના હિતમાં લીધેલો આ સૌથી મોટો નિર્ણય છે. આ વર્ષે ચોમાસાની વિદાય સમયે ખેડૂતોને ભારે નુકસાન થયું હતું. રાજ્યમાં ભારે વરસાદને લીધે પ્રાથમિક અંદાજ પ્રમાણે ૯૪ લાખ ૫૩ હજાર હેક્ટરમાં ઉભો પાક નાશ પામ્યો હતો. સોયાબીન અને કપાસના પાકને સૌથી વધારે નુકસાન થયું છે.

સરકારે દેવા માફી માટે યોજનાને 'મહાત્મા જ્યોતિ રાવ ફુલે ખેડૂત દેવા માફી' નામ આપ્યું છે. મુખ્યમંત્રી ઠાકરેએ વિધાનસભામાં કહ્યું હતું કે નિયમ પ્રમાણે ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૯ સુધીના દેવા માફ થશે. દેવા માફીની પ્રક્રિયા માર્ચ,૨૦૨૦થી શરૂ થશે. વિપક્ષે સંપૂર્ણ દેવા માફીની માંગને લઈ વોકઆઉટ કર્યો હતો. પ્રધાન જયંત પાટીલે કહ્યું હતું કે મુખ્યમંત્રીએ મહારાષ્ટ્ર વિકાસ અઘાડી દ્વારા ખેડૂતોને આપવામાં આવેલ

## હવે, મોદી સરકાર NPR લાવશે

**બાયોમેટ્રીક નોંધણીનો સમાવેશ થશે : આવતા સપ્તાહે કેબિનેટની મંજૂરી મળી શકે છે : ૨૦૨૦ના એપ્રિલથી શરૂ કરવાની કેન્દ્રની યોજના : કેરળ-પ.બંગાળ સહિતના રાજ્યોએ વસ્તી ગણતરી કામગીરી અટકાવી**

ન્યુ દિલ્હી,તા.૨૧

નાગરિકતા સંશોધન કાયદો અને નેશનલ રજીસ્ટર ઓફ સિટીજન પર દેશભરમાં ચાલી રહેલા ઘમાસણની વચ્ચે મોદી સરકાર નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર(NPR)ની તરફ એક કદમ આગળ વધી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તેના માટે કેબિનેટ પાસે ૩૯૪૧ કરોડ રૂપિયાની માંગણી કરી છે. એનપીઆરનો ઉદ્દેશ દેશના સામાન્ય રહેવાસીઓની વ્યાપક ઓળખ ડેટાબેસ બનાવાનો છે. આ ડેટામાં વસતી ગણતરીની સાથે બાયોમેટ્રિક માહિતી પણ હશે. આવતા સપ્તાહે મળનારી કેબિનેટની બેઠકમાં નેશનલ રજીસ્ટર ઓફ સિટિઝનને મંજુરી મળી શકે તેવી સંભાવના રહેલી છે.

જો કે સીએએ અને એનઆરસીની જેમ બિન-ભાજપ શાસિત રાજ્ય તેનો પણ વિરોધ કરી રહ્યા છે અને તેમાં સૌથી આગળ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી છે. સીએએ અને એનઆરસીને લઈ મોદી સરકારની વિરૂદ્ધ મોરચો ખેલનાર મમતા બેનર્જીએ તો બંગાળમાં એનપીઆર પર ચાલી રહેલા કામને પણ રોકી દીધું છે.

આ સિવાય કેરળની લેફ્ટ સરકારે પણ એનપીઆરથી સંબંધિત તમામ કાર્યવાહી રોકવાનો આદેશ આપ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલયની તરફથી રજૂ કરાયેલા એક નિવેદનમાં કહ્યું કે સરકારે એનપીઆરને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે કારણ કે આશંકા છે કે તેના દ્વારા એનઆરસી લાગૂ કરાશે.

મમતા બેનર્જી પહેલાં એ સતત કહેતા રહ્યા છે કે તેઓ પોતાના રાજ્યમાં એનઆરસી અને નાગરિકતા સંશોધન કાયદાને લાગૂ થવા દેશે નહીં, પરંતુ તેમણે એનપીઆરને લઈ પણ પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. જો કે ઘૂસણખોરીની સમસ્યા અસમથી વધુ પશ્ચિમ બંગાળમાં છે. ૧૯૭૧મા બાંગ્લાદેશની રચનાની સાથે જ ત્યાંથી મોટી સંખ્યામાં લોકો અહીં આવ્યા.

આ લોકોમાં એનઆરસીને લઈ તો પહેલેથી જ ડર હતો અને નાગરિકતા સંશોધન કાયદાએ તેમના ખોફને વધારી દીધો છે. તો એનપીઆરને લઈ તેમના મનમાં

● અનુસંધાન પાના - ૭ પર

## ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

નવી દિલ્હી,તા. ૨૧

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડી અને ધુમ્મસના સકંજામાં આવી ગયું છે. ધુમ્મસના કારણે વાહન વ્યવહાર અને ટ્રેન સેવા પર સૌથી માઠી અસર થઈ છે. દિલ્હીમાં ૪૬ ફ્લાઈટો રદ કરવામાં આવી છે. જ્યારે મોટી સંખ્યામાં ફલાઈટોમાં વિલંબ થતા પ્રવાસીઓ અટવાઈ ગયા છે. જમ્મુ કાશ્મીર અનો હિમાચલપ્રદેશમાં નવેસરથી હિમવર્ષા થઈ છે જેથી ચારે બાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. હવામાન વિભાગના કહેવા મુજબ દિલ્હી સહિતના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાની સાથે ઠંડીના પ્રમાણમાં વધારો થઈ શકે છે. લાહોલ-સ્પિતિમાં ભારે હિમ વર્ષા થઈ છે. હિમાચલમાં કેલોંગમાં માઈનસ છ ડિગ્રી તાપમાન થયું છે.

## આજે દિલ્હીના રામલીલા મેદાન ખાતે મોદીની રેલી

**રેલી પર સૌની નજર : ભાજપના કાર્યકરો અને તમામ મોટા નેતાઓ રેલીને લઇને ભારે ઉત્સુક : રેલીને સફળ બનાવવા માટે આયોજન થયુ**

નવી દિલ્હી, તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવતીકાલે ૨૨મી ડિસેમ્બરના દિવસે દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે યોજાનારી રેલીને લઈને જોરદાર ઉત્સાહ ભાજપના કાર્યકરો અને નેતાઓમાં જોવા મળી રહ્યો છે. મોદી આ રેલીમાં ક્યાં મુદ્દા પર વાત કરશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતી રહેલી છે. જો કે હાલમાં નાગરિક કાનુનની સામે દેખાવો અને હિંસાના દોર વચ્ચે આ રેલીમાં મોદી દેશના લોકોને વિશ્વાસમાં લેવા માટેના પ્રયાસ કરી શકે છે. સાથે સાથે નાગરિક સુધારા બિલ પર વધારે વિગતવાર માહિતી આપી શકે છે. આ રેલીને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. મોદી એ વખતે રેલી કરવા જઈ રહ્યા છે જ્યારે દિલ્હીમાં પણ હિંસક વિરોધ પ્રદર્શન જારી છે. જેથી દિલ્હી

● અનુસંધાન પાના - ૭ પર








